# સાબરકાંઠા, અરવલ્લીમાં ગરમીનો પ્રકોપ, પારો ૪૦ ડિગ્રી

## બરફની ફેક્ટરીઓ ધમધમી : ઈડર, ખેડબ્રહ્મા, બાયડમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબ્યો, વધુ ૨ ડિગ્રી તાપમાન ઉંચકાઈ શકે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

રાજ્યમાં ઉનાળો પક્કડ જમાવી રહ્યો છે. શનિવારે ગરમી પ્રકોપનો પ્રજાએ અનુભવ કર્યો. બપોરે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને આંબી જતાં શહેરી અને ગ્રામ્ય માર્ગો સૂમસામ જોવા મળ્યા. બસ મથકોમાં પણ હિટવેવની અસર વર્તાતી હતી. પ્રથમવાર પ્રજાએ અસહ્ય ગરમીનો અનુભવ કર્યો હતો. બજારોમાં ખરીદી માટે આવેલી ગ્રામ્ય પ્રજા પણ અસહ્ય ગરમીથી ત્રાહીમામ પોકારતી જોવા મળી.

કોરોના અને ગરમી વચ્ચે અસ્થિત્વનો જંગ જામ્યા જેવી સ્થિતિ છે. કોરોના કેસમાં ઉછાળો આવી રહ્યો છે તેમ તાપમાનનો પારો પણ ઉંચકાઈ રહ્યો છે. હવામાન ખાતાએ આગામી ૩-૪ દિવસ હિટવેવની ચેતવણી આપેલી છે. શનિવાર સવારે ઠંડીનો ચમકારો અને બપોર થતાં જ આકાશમાંથી અગનગોળા વછૂટતાં પ્રજા અને ખાસ કરીને મૂંગા પશુઓ છાંયડો શોધતા જોવા મળ્યા. બપોર થતાં ઈડર, ખેડબ્રહ્મા, બાયડ અને વિજયનગરમાં તાપમાનનો પારો ૩૯ થી ૪૦ ડિગ્રી પહોંચ્યો હતો. આગામી મંગળવારે ઉનાળો તેની સર્વોચ્ચ સપાટીએ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ આંબવાની આગાહી થઈ છે. હોળી-ધૂળેટીના પર્વમાં જેમ સહિતના અવસરો આયોજીત થયા છે જેમના ઘરે પુત્રનો જન્મ થયો છે ત્યાં કોરોનાના કારણે સિમિત ભોજન સમારંભો રાખ્યા છે તેવા પરિવારો પણ અસહ્ય ગરમીના કારણે ત્રસ્ત હોવાનું જોવા મળ્યું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જિલ્લાની પ્રજા હવે હિટવેવનો અનુભવ કરશે. હિટવેવના કારણે લૂ લાગવાની સંભાવના પણ વર્તાઈ રહી છે. આગામી ૨ દિવસ ગરમી પ્રજાની આકરી પરીક્ષા લઈ શકે છે. ગરમી વધતાં ઠંડા પીણા, રસના કોલા સવારથી સાંજ ધમધમ્યા હતા. જ્યારે બરફનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ પણ કોરોના પછી પ્રથમવાર સૌથી વધુ બરફ ઉત્પાદનથી ધમધમતી જોવા મળી.






### ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં આંધી-માવઠાની દહેશત

માર્ચ મહિનો પૂર્ણાહૂતિ તરફ છે ત્યારે એપ્રિલ મહિનામાં પણ ઉત્તર ગુજરાતની પ્રજા અને ખેડૂતોની અગ્નિ પરીક્ષા થાય તેવી ગાંધીનગરના આગાહીકારે આગાહી કરી છે. તા.૨૮ થી ૩૧ માર્ચ દરમ્યાન ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આંધી-ધૂળકોટની સંભાવના છે. જ્યારે એપ્રિલ મહિનામાં પણ વંટોળીયા અને માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એપ્રિલ મહિનામાં લગ્નસરા સહિત શુભ પ્રસંગો શરૂ થવાના છે. ત્યારે લગ્નના યજમાનો માટે પણ આગાહી એક રીતે ચિંતા પ્રેરક ગણી શકાય.

# જિલ્લામાં ફુલના વેપારીઓ પાયમાલ, કોરોનાનું ગ્રહણ અને હવે ગરમી વધતાં ફુલ ચીમડાઈ રહ્યા છે

## હોળી-ધુળેટી પર્વનો ઉત્સાહ જામતો નથી, વેપારીઓની વ્યથા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

ધંધા ઉપર નભતા પરિવારોને જ ખબર છે કે કોરોનાએ તેમને કેટલા પાયમાલ કર્યા છે. આજે હોળી અને આવતી કાલે ધૂળેટીનું પર્વ હોવા છતાં પ્રજામાં કોઈ જાજો ઉત્સાહ દેખાતો નથી. બજારમાં પણ ભીડ દેખાય છે પરંતુ ખરીદીમાં કોઈ ઉત્સાહ દાખવતું નથી જેના કારણે અન્ય વેપારીઓ પણ નિશાસા નાખી રહ્યા છે. હાલ તો જિલ્લામાં ફુલના વેપારીઓને કોરોનાનું ગ્રહણ નડ્યું છે અને હવે ગરમી વધતાં ફુલ પણ બપોર થતાં ચીમડાઈ જાય છે. બંન્ને તરફનો કુદરતનો માર સહન થતો ન હોવાની વ્યથા ફુલના નાના-મોટા વેપારીઓએ વ્યક્ત કરી છે.

ફુલ નામ પડતાં જ ખાસ કરીને પ્રકૃતિ પ્રેમીઓ મલકાઈ જતા હોય છે. નવા વર્ષના આરંભે પણ ફુલ બજારને કોરોનાનું ગ્રહણ એટલી હદે નડ્યું છે કે ફુલના વેપારીઓએ પોતાના પરંપરાગત ધંધાને ત્યજીને અન્ય ધંધા ઉપર નજર કરવાનો વારો આવ્યો છે. જિલ્લાના બાયડ, ધનસુરા, સાઠંબા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, શામળાજી, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના, વડાલી, ઈડર, ગાંભોઈ, હિંમતનગર, રાયગઢ, સલાલ, તલોદ, હરસોલ સહિતના વિસ્તારોમાં કોરોનાનો અજગરી ભરડો એટલી હદે વધ્યો કે હવે દેવમંદિરો ખુલ્લાં હોવા છતાં દર્શનાર્થીઓની સંખ્યામાં ઓટ આવી છે.



દર્શનાર્થીઓ આવે છે પરંતુ કોરોનાનો ચેપ લાગવાના ભયેથી ફુલ ખરીદવાનું ટાળી રહ્યા છે. કોરોનાનું ગ્રહણ છતાં ગુલાબ, ગલગોટા અને હજારીગલના ફુલનો ભાવ આસમાને પહોંચ્યો છે. દરરોજ તાજાં ફુલ લાવવાં પડે અને બપોર થતાં ફુલ ચીમડાઈ જતાં હોવાથી તેનો નાશ કરવો પડતો હોય છે. વૈષ્ણવ હવેલીઓમાં પણ ફુલના વપરાશમાં ઓટ આવી છે. અત્યારે હાલ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફુલના વેપારીઓ પાયમાલ થતાં તેમને પણ આત્મનિર્ભર લોન સહાય મળે તેવું નિયમિત દર્શને આવતા ભક્તો જણાવી રહ્યા છે.

### સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સબરજીસ્ટ્રાર કચેરી આજે ચાલુ રાખવાનો નિર્ણય

તા.૩૧ માર્ચે નાણાંકીય વર્ષ સમાપ્ત થઈ રહ્યું છે. અનેક લક્ષ્યાંક પૂરાં કરવા માટે સરકારની જે તે વિભાગોને સૂચના છે ત્યારે આજે રવિવાર હોવા છતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૧૪ સબરજીસ્ટ્રાર કચેરી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. રવિવારે પણ દસ્તાવેજ નોંધણી થઈ શકે. માર્ચ એન્ડીંગનો ટાર્ગેટ પૂરો કરવાના પ્રયાસનો આ એક ભાગ છે. જો કે હોળાષ્ટક હોવાથી કોઈ દસ્તાવેજ કરવામાં આવશે કે કેમ..??

હોળાષ્ટકના કારણે અનેક લોકોએ જમીન, મકાન, દુકાન સહિત અન્ય પ્રોપર્ટી ખરીદવાનું મુલત્વી રાખ્યું હતું. મંગળવારથી અનેક લોકો પ્રોપર્ટીના દસ્તાવેજ કરાવી શકે છે. પરંતુ માર્ચ એન્ડીંગ હોવાથી રજાના દિવસમાં પણ સબરજીસ્ટ્રાર કચેરી ખુલ્લી રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, વિજયનગર, પોશીના, મેઘરજ, માલપુર, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ તાલુકા મથકની સબરજીસ્ટ્રાર કચેરી ખુલ્લી રહેશે.

# આજે હોળી : જિલ્લામાં અમૃત સિદ્ધિ યોગમાં હોળી મનાવાશે

## કોરોનાનું ગ્રહણ છતાં હોલિકા દહન સ્થળે ભીડ ઉમટવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

આજે ફાગણ સુદ પુનમ, રવિવાર સમગ્ર દેશમાં હોળી પર્વની ઉજવણી થશે. જોગાનું જોગ હોળીના દિવસે અમૃત સિદ્ધિનો યોગ છે. સાંજે ૫-૩૬ થી ૬-૪૨ સુધી અમૃત સિદ્ધિ યોગ હોવાથી હોળીનું મહત્વ વધી જાય છે. હોળી રાત્રિના શુભ તથા અમૃત ચોઘડીયામાં પ્રગટાવાશે. ટૂંકમાં સાંજના ૯-૫૬ સુધી હોળી પ્રગટાવાશે. કોરોનાનું ગ્રહણ અને સરકારે પણ ભીડમાં એકત્ર ન થવા અપીલ કરી હોવા છતાં હોલિકા દહન સ્થળે ભીડ ઉમટવાની સંભાવના છે.



ગત તા.૨૧ માર્ચથી હોળાષ્ટકનો પ્રારંભ થયો અને તેના કારણે લગ્ન, વાસ્તુ, સગાઈ, ખાતમૂહર્ત સહિતના શુભકાર્યો ઉપર બ્રેક વાગી હતી. જો કે આધુનિક યુવા પેઢી હજુ પણ હોળાષ્ટકમાં અશુભ માનવા માટે તૈયાર નથી છતાં પરિવારના વડીલોના કારણે યુવાઓએ પણ હોળાષ્ટકમાં કોઈ શુભ કાર્ય કરવાનું ટાળ્યું હતું. આજે રવિવારે હોળી છે ગામે ગામ અને શહેરી વિસ્તારોમાં અનેક સ્થળે શુભ મુહર્તમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હોલિકા દહન કરાશે અને તેમાં પર્યાવરણને અસર થાય તે રીતે લાખો મણ લાકડાંનો ઉપયોગ થવાનો છે. કેટલાક પર્યાવરણ પ્રેમીઓએ હોળી પર્વની ઉજવણીમાં લાકડાંના બદલે ગૌ-કાષ્ટનો ઉપયોગ કરવા અપીલ કરી છે તો કેટલાક પર્યાવરણ પ્રેમીઓએ ગામમાં ઠેકઠેકાણે હોલિકા દહનના કાર્યક્રમો યોજવાના બદલે સામૂહીક રીતે એક જ સ્થળે હોળી પર્વ ઉજવવા અપીલ કરી છે. હોળીના દિવસે પવનની દિશાના આધારે વર્ષ કેવું જશે તેની આગાહી થતી હોય છે. સાંજે હોલિકા દહન સ્થળે જેમના ઘરે જેમ ના પ્રસંગો છે તેમના પરિવારો દિકરાને હોલિકાના દર્શન માટે વાજતે ગાજતે લઈને આવશે. જેને જેમ પ્રસંગ તરીકે ઓળખવામાં આવે છે. સમય બદલાતાં અનેક પરિવારોએ દિકરીઓને પણ દિકરા સમાન ગણી છે અને દિકરીની પણ જેમ ઉજવાતી હોવાનું જોવા મળ્યું છે.

# અન્યાય સામે અવાજ ઉઠાવતા રમણલાલ વોરાની ખોટ અનુભવતો સાબરકાંઠા જિલ્લો

## ખુશ્બુ ગુજરાત કી : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા માટે પ્રવાસન વિભાગનું ઓરમાયું વર્તન : પોળો, ટેન્ટ સીટી, દેવનીમોરી, શામળાજી અને કકરાઈ માતા મંદિર વગેરેની ઉપેક્ષા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

રાજ્યમાં ૨૦ વર્ષમાં પ્રવાસીઓની સંખ્યામાં ૧૨ ગણો વધારો થયો છે. ખુશ્બુ ગુજરાત કી અભિયાન સફળ રહ્યું છે તેવો દાવો વિધાનસભા ગૃહમાં પ્રવાસન મંત્રી જવાહર ચાવડાએ અંદાજપત્રની માગણીઓ ઉપરની ચર્ચા દરમ્યાન જણાવ્યું પરંતુ રાજ્યના અન્ય વિસ્તારો માટે શું મંજૂર કરાયું તે જાહેર કર્યું પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા માટે પ્રવાસન વિભાગનું ઓરમાયું વર્તન દેખાઈ રહ્યું છે. જિલ્લાને વિકાસની બાબતમાં થતા અન્યાય બાબતે અવાજ ઉઠાવતા પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરાની ખોટ જિલ્લાની પ્રજાને અનુભવાય છે. વિજયનગરની પોળો, ટેન્ટ સીટી, દેવનીમોરી, શામળાજી, કકરાઈમાતા અને બાયડ તાલુકાના ઝાંઝરી સહિતના પ્રવાસન ધામોનો અધકચરો વિકાસ કરી વેપારીઓથી માંડી પ્રવાસીઓને ન ઘરના ન ઘાટના.. જેવી સ્થિતિમાં લાવી દીધા છે. ત્યારે રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા ઉપેક્ષિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રવાસન ધામોના ટનાટન વિકાસ માટે ખાસ વિશેષ સહાય જાહેર કરવી જોઈએ.

વિજયનગર તાલુકો એટલે સેમી કાશ્મીર તરીકે ઓળખાય છે. અરવલ્લીની ગીરીમાળાઓથી ઘેરાયેલા વિજયનગર, ભિલોડા, શામળાજી સહિતના પંથકમાં પ્રવાસીઓને આકર્ષવા માટેના અનેક પોઈન્ટ હોવા છતાં માત્ર વાતો કરીને કશું જ કરવામાં આવ્યું નથી. વિજયનગરના અભાપુર પોળો, ટેન્ટસીટીનો કચ્છના ઘોરડોની જેમ વિકાસની વાતો હતી પરંતુ ૬ વર્ષ પછી પણ પર્યાપ્ત સુવિધાઓ ઉભી કરાઈ નથી. અહીંયાં આવતા પ્રવાસીઓ માટે શૌચાલયની પણ અપૂરતી વ્યવસ્થાએ સરકારની પ્રવાસન નીતિ સામે સવાલ ઉભા કર્યા છે. તે જ રીતે શામળાજી નજીક દેવનીમોરી બૌદ્ધ કોરીડોર તરીકે વિકસાવવાની વાત હતી પરંતુ અહીંયાં ૭ વર્ષ પછી પણ ઈંટ પણ મૂકવામાં આવી નથી. શામળાજીના સર્વાંગી વિકાસ માટે કરોડો રૂપિયાની ફાળવણી પછી પણ અધકચરા વિકાસે વેપારીઓને પાયમાલ કરવાની સાથે શામળાજી મંદિર ટ્રસ્ટને અનેક અડચણોમાં લાવી દીધું છે. તદ્ઉપરાંત બંન્ને જિલ્લાના અનેક પ્રવાસન ધામોની પણ રાજ્યના પ્રવાસન વિભાગે જગજાહેર ઉપેક્ષા કરી છે. ભલે રાજ્ય સરકાર અને તેનો પ્રવાસન વિભાગ ખુશ્બુ ગુજરાત કી..અભિયાનને સફળ ગણાવતો હોય પરંતુ સાબરકાંઠા, અરવલ્લીના પ્રવાસન ધામોની ઉપેક્ષા કરી જિલ્લા પ્રત્યે સાવકો વર્તાવ કર્યો છે તેની સામે જિલ્લાના પ્રકૃતિ પ્રેમીઓમાં અંદરખાને આક્રોશ જોવા મળ્યો છે.







# હોળી-ધૂળેટી પર્વ : જિલ્લાના ૧૫૦ ક્વોરી ઉદ્યોગ સપ્તાહ માટે બંધ, સરકારની રોયલ્ટીની આવકને ફટકો

## ટ્રાન્સપોર્ટરોએ પણ વાહનોનાં પૈડાં થંભાવ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

રંગ પર્વ હોળી-ધૂળેટીનો આજથી પ્રારંભ થયો છે. શ્રમજીવીઓએ વતનની વાટ પકડતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધમધમતા ૧૫૦ ક્વોરી ઉદ્યોગોમાં ગ્રીટ, કપચી, મેટલનું ઉત્પાદન અને વેચાણ બંધ થતાં સરકારની રોયલ્ટીની આવકને ફટકો પહોંચશે. ક્વોરી ઉદ્યોગમાં મીની વેકેશન જેવું હોવાથી ટ્રાન્સપોર્ટરોએ પણ આગામી ૫ દિવસ સુધી વાહનોનાં પૈડાં થંભાવ્યાં છે.



મધ્યમ વર્ગ અને શ્રીમંતોને તહેવારોનું મહત્વ આધુનિક યુગમાં ભલે ઘટતું હોય પરંતુ શ્રમજીવીઓ ઓછી આવકમાં પણ દરેક તહેવારો દિલથી માણતા હોય છે. હોળી-ધુળેટી પર્વ નજીક આવતું હતું ત્યારે જિલ્લાના ક્વોરી ઉદ્યોગ, બાંધકામ સાઈટ અને ઈંટવાડા ઉદ્યોગમાં કામ કરતા મધ્ય ગુજરાત, રાજસ્થાનના શ્રમજીવીઓએ વતનની વાટ પકડતાં માર્ગો ઉપર ઠેર ઠેર શ્રમજીવીઓને વતન લઈ જતા વાહનો જોવા મળતા હતા. શ્રમજીવીઓ વતન ભણી રવાના થતાં જિલ્લાના સાઠંબા, વાત્રક, સીમલી, અલવા, જશવંતપુરા, રાજપુર, વડાગામ, આકરૂન્દ, ખેડબ્રહ્મા, આંતરોલીવાસ, હરસોલ વિસ્તારમાં ધમધમતા ક્વોરી ઉદ્યોગ પણ હાલ પૂરતા બંધ થયા છે. દરેક ક્વોરીમાંથી દરરોજ લાખો ટન સેમી અને સ્પેશ્યલ ગ્રીટ, કપચીનું ઉત્પાદન કરી માંગ પ્રમાણે રાજ્યના ખૂણે ખૂણે સપ્લાયરો દ્વારા મોકલવામાં આવતી હોય છે. સરકારને તેના ઉપર રોયલ્ટીની દર મહિને લાખોની આવક થતી હોય છે. પરંતુ હોળી-ધુળેટી પર્વના કારણે ઉદ્યોગ બંધ રહ્યા છે કારણ કે શ્રમજીવીઓ વતન પહોંચ્યા છે.

# જિલ્લાની સ્વનિર્ભર શાળાઓને ફી નિયમન એક્ટ હેઠળ એફીડેવિટ મોકલવા તાકીદ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૩૦૦ જેટલી સ્વનિર્ભર શાળાઓને સરકારના ફી નિયમન એક્ટ હેઠળ એફીડેવિટ આપવા સ્થાનિક શિક્ષણ વિભાગે સૂચના આપી છે. કોરોનાના કારણે શાળાઓમાં અત્યાર સુધી પ્રત્યક્ષ શિક્ષણ બંધ હતું. જાન્યુઆરીથી શિક્ષણ કાર્ય શરૂ થયું પરંતુ મોટાભાગના વિદ્યાર્થી-વાલીઓ ફી આપતા નથી અને સરકાર દ્વારા પણ આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ મેળવ્યો છે તેવા વિદ્યાર્થીઓની ૫૦ ટકાથી વધુ ફી હજુ સુધી શાળા સંચાલકોને જમા આપી નથી. જેના કારણે પગાર કરવાના પણ ફાંફા થયા છે.

જિલ્લામાં આવેલી સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૧ થી ૨૪ માટે દરખાસ્ત ફી નિયમન એક્ટ હેઠળ રજુ કરવા જણાવાયું છે. ૧ વર્ષ માટે એફીડેવિટ શાળાઓએ દરખાસ્ત ફાઈલ સાથે મોકલવાની છે.